# માંડવીમાં સૌથી વધુ 26 દીપડા

**સુરત** જિલ્લામાં અંદાજે 104 દીપડા હોવાનો વનવિભાગનો અંદાજ

સુરત : સુરત જિલ્લામાં ફરી એક વખત દીપડાની ચહલપલહલ જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો સુરત જિલ્લામાં સૌથી વધુ 104 દીપડા હોવાનો અંદાજ છે. સુરત જિલ્લામાં પણ સૌથી વધુ 26 દીપડા હોવાનો એક અંદાજ છે.

### દક્ષિણ ગુજરાતમાં અંદાજિત દીપડા

| | |
|---|---|
| સુરત | 104 |
| તાપી | 100 |
| ડાંગ | 86 |
| નવસારી | 52 |
| વલસાડ | 29 |
| **કુલ** | 371 |



## ઉકાઇના ભુરીવેલમાં અંદાજે 7 વર્ષીય દીપડો પાંજરે પુરાયો



વ્યારા: ઉકાઈના ભુરીવેલ ગામે નર્સરી ફળિયામાં મારણ ખાવાની લાલચે અંદાજિત 7 વર્ષીય દીપડો પાંજરે પુરાયો હતો. દીપડો પાંજરે પુરાઈ જતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. બનાવ અંગે વન વિભાગનાં અધિકારીની સૂચના મુજબ દીપડાનો કબજો લઈ તેને પશુ ચિકિત્સક પાસે જરૂરી સારવાર આપવામાં હતી. ત્યારબાદ દિપડાને ગાઢ જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની કામગીરી વન વિભાગની ટીમે હાથ ધરી હતી.

## માંડવીના વરેલીમાં વારંવાર દીપડા પકડાય છે

માંડવી તાલુકાના વરેલી ગામની ભૌગોલિક પરિસ્થિતિને લઈ દીપડાને આ જગ્યા માફક આવી ગઈ છે. એક બાજુ તાપી નદીનું કોતર અને બીજી તરફ ખાડી અને ઊંડી ખાઈ સાથે જંગલ જેવો વિસ્તાર હોય દીપડાને રહેણાંક માટે જગ્યા ઉત્તમ છે. જેને લઈ દીપડાઓએ વસવાટ કર્યો છે. 27 દીપડા પાંજરે પુરાયા હોવા છતાં હજુ પણ આ ફાર્મ હાઉસમાં દીપડાઓ લટાર મારી રહ્યા છે. રાત્રિ દરમ્યાન દીપડાઓનું ઝુંડ ખેતરમાં જોવા મળે છે.

## અમલસાડીમાં આતંક મચાવતી દીપડી આખરે પાંજરામાં કેદ

પલસાણા: પલસાણાના અમલસાડીમાં છેલ્લા એક અઠવાડિયાથી મરઘાઓનો શિકાર કરી આતંક મચાવનારી માદા દીપડી આખરે પાંજરે પુરાઈ છે. ગ્રામજનોમાં ભય ફેલાતા વનવિભાગ અને સ્થાનિક સંસ્થાનો સંપર્ક કરાયો હતો. અમલસાડી ગામના કે.એમ. ફળિયામાં રહેતા રિકેશભાઈ હળપતિના વાડામાં દીપડો અવારનવાર શિકાર માટે આવતો હતો. આ અંગે 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પીયૂષભાઈ હળપતિ મારફતે પલસાણા આર.એફ.ઓ. ભાવેશભાઈને જાણ કરાતાં વનવિભાગે વાડામાં મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. મધ્ય રાત્રિએ આશરે બે વાગ્યે અવાજ આવતાં તપાસ કરતાં આશરે દોઢ વર્ષની માદા દીપડી પાંજરામાં ફસાયેલી મળી આવી હતી. વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી દીપડીનો કબજો મેળવી તેને સામાજિક વનીકરણ રેન્જ ઓફિસ ખસેડી હતી. દીપડી પકડાતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.

# કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ઉમેદવારો બિનહરીફ

**18 બેઠકમાં** નવ મંડળી પ્રતિનિધિ અને નવ વ્યક્તિ પ્રતિનિધિની ચૂંટણી હતી

કામરેજ: કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં નવ મંડળી પ્રતિનિધિ તેમજ નવ વ્યક્તિ પ્રતિનિધિની બેઠક માટે ડિરેક્ટરોની બિનહરીફ વરણી થઈ હતી.

કામરેજ ચાર રસ્તા ખાતે કાર્યરત કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની પણ ચૂંટણી જાહેર થઈ હતી, જેમાં મંડળી પ્રતિનિધિની નવ બેઠકમાં જૂથ નં-1માં સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના પ્રમુખ બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલ (વિહાણ), જૂથ નં-2માં જિજ્ઞેશ હસમુખભાઈ ભક્ત (ઓરણા), જૂથ નં.3માં કિરીટ છીતુભાઈ પટેલ (સેવણી), જૂથ નં-4માં ભાવિન પ્રવીણચંદ્ર દેસાઈ (કઠોદરા), જૂથ નં-5માં વર્તમાન ડિરેક્ટર ગુણવંતભાઈ છોટુભાઈ પટેલ (કામરેજ), જૂથ નં-6માં ઘનશ્યામસિંહ મોહનસિંહ ચાવડા (ભાદા), જૂથ નં-7માં મિતેશ કાંતિભાઈ પટેલ(માંકણા), જૂથ નં-8 મહિલા અનામત યુતિબેન ગીરીશભાઈ દેસાઈ (ઉંભેળ), જૂથ નં-9માં કઠોર નાગરિક મંડળીના પ્રમુખ પંકજ હિરાલાલ પટેલ તેમજ વ્યક્તિ પ્રતિનિધિની વિહાણ બેઠક પર દિલીપ રામુભાઈ પટેલ, સેવણી બેઠક પર સેવણી સેવા સહકારી મંડળીના પ્રમુખ કિશન કાંતિભાઈ પટેલ, શામપુરા બેઠક પર કેતન ઈશ્વરભાઈ પટેલ, પાસોદરા મહિલા અનામત બેઠક પર ગીતાબેન ગૌતમભાઈ દેસાઈ, કામરેજ બેઠક પર વિરણ નટવરભાઈ પટેલની સામે કોઈ ઉમેદવારી ન કરતાં બિનહરીફ વરણી થઈ હતી. જ્યારે નનસાડ, હલધરૂ અને ઓરણા બેઠકો પર ચૂંટણી જંગ જામે એમ હતો. પરંતુ કામરેજના સહકારી આગેવાન એવા કામરેજ સુગરના માજી પ્રમુખ અને કેળા મંડળીના પ્રમુખ નવીન પટેલ, સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના પ્રમુખ બળવંત પટેલ, સહકારી આગેવાન કિશન પટેલ, ભાજપ પ્રમુખ સુચેતન પટેલ અને સુરત જિલ્લા ભાજપના માજી મંત્રી જતીન પટેલે અથાક પ્રયત્નો કરી ત્રણેય બેઠકો ઉમેદવારીપત્ર ખેંચવાના અંતિમ દિને બિનહરીફ કરાવી હતી, જેમાં નનસાડ બેઠક વર્તમાન ડિરેક્ટર જિગ્નેશ સુરેશભાઈ ભક્ત, હલધરૂ બેઠક પર કિરણ ડાહ્યાભાઈ દેસાઈ, ઓરણા બેઠક પર સંસ્થાના વર્તમાન પ્રમુખ રમેશભાઈ રણછોડભાઈ પટેલની વરણી થઈ હતી. જ્યારે વાવ અનુસૂચિત જાતિ-જનજાતિ બેઠક ખાલી રહી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બીએબીએસ હાઈસ્કૂલમાં શિક્ષકદિન ઉજવાયો



બારડોલી: બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલમાં શિક્ષક દિન નિમિત્તે સ્વયં શિક્ષક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ 117 વિદ્યાર્થીઓએ એક દિવસ માટે સ્વયં શિક્ષક બની શાળાની શૈક્ષણિક તથા વહીવટી જવાબદારીઓ ઉત્સાહપૂર્વક નિભાવી હતી. વિદ્યાર્થી સાન્વી ગામીતે આચાર્ય ચેતનાબેન જે. અધેરાની ભૂમિકા ભજવી આચાર્ય તરીકેની જવાબદારી સંભાળી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ સુપરવાઈઝર, ટ્રસ્ટી મંડળના પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતની વિવિધ જવાબદારીઓ પણ સંભાળી હતી.

### માંડવીના સોની ફળિયા ખાતે વિઘ્નહર્તાનું ભવ્ય આગમન


હિતેશ પટેલ

માંડવી: માંડવીના સોની ફળિયા ખાતે 'સોની ફળિયા સાર્વજનિક ગણેશ મંડળ' દ્વારા વિઘ્નહર્તા ગણેશજીનું ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ભક્તિભાવપૂર્ણ માહોલમાં ગણેશ ભક્તોએ દાદાની મહાઆરતી ઉતારીને તેમને આવકાર્યા હતા. આ ભવ્ય આગમન યાત્રા દરમિયાન નરસિંહ અવતારની ઝાંખી, 'સલ્યુટ ગણપતિ દાદા', ગરબા ગ્રુપ તેમજ લેઝીમ ટીમ દ્વારા વિવિધ આકર્ષક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેના તાલે ઉપસ્થિત સૌ ભક્તો આનંદ-ઉલ્લાસભેર ઝૂમી ઊઠ્યા હતા.

### ડોલવણના ઉમરકચ્છ ગામમાં હુમલો કરી યુવકનું કારમાં અપહરણ, 7 સામે ફરિયાદ

વ્યારા: ડોલવણના ઉમરકચ્છ ગામે નહેર પાસે જૂની અદાવતમાં દુકાનદાર હર્ષલભાઈ જીતુભાઈ ગામીત (ઉં.વ.30) પર હિંસક હુમલો કરી અપહરણ કરવાનો મામલો સામે આવ્યો છે, જેમાં આરોપી ભરત પટેલ (રહે.,બામણામાળ દૂર, તા.ડોલવણ), અરુણ પટેલ (રહે.,ડોલવણ) સહિત સાત ઇસમોએ મોપેડનાં નાણાં મુદ્દે દુકાન પર ધસી જઈ હર્ષલભાઈને માર માર્યો હતો અને વચ્ચે પડેલા તેમના પિતા જીતુભાઈને લાકડાનો સપાટો મારી પાંસળી તોડી નાંખી હતી. ત્યારબાદ હુમલાખોરો હર્ષલભાઈને જબરદસ્તી લાલ સ્વિફ્ટ કારમાં અપહરણ કરી ગયા હતા. આ બનાવ અંગે ડોલવણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

### બારડોલીની એમ.બી.વામદોત હાઈસ્કૂલનાં પૂર્વ શિક્ષિકા ગીતાબેન દેસાઈનું નિધન



બારડોલી: બારડોલી નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ દિનેશભાઇ દેસાઈનાં પત્ની અને જાણીતા શિક્ષણવિદ ગીતાબેનનું બુધવારે દુઃખદ અવસાન થયું છે. તેમના નિધનના સમાચારથી સમગ્ર બારડોલી પંથકમાં અને વિશેષ કરીને અનાવિલ સમાજમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે. ગીતાબેન દેસાઈએ બારડોલીની પ્રતિષ્ઠિત એમ.બી.વામદોત હાઈસ્કૂલ ખાતે શિક્ષિકા તરીકે લાંબા સમય સુધી પોતાની સેવાઓ આપી હતી. એક આદર્શ અને નિષ્ઠાવાન શિક્ષિકા તરીકે તેમણે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. શિક્ષણ ક્ષેત્ર ઉપરાંત તેઓ સામાજિક કાર્યોમાં પણ ખૂબ જ સક્રિય હતાં અને અનાવિલ સમાજના એક અગ્રણી મહિલા નેતા તરીકે તેમણે સમાજ ઉત્કર્ષનાં અનેક કાર્યો કર્યાં હતાં. તેમના નિધનથી બારડોલીના શૈક્ષણિક ક્ષેત્ર અને સામાજિક વર્તુળોમાં મોટી ખોટ પડી છે. અનાવિલ સમાજ તેમજ બારડોલીનાં વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંગઠનો દ્વારા સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.

### વ્યારા સુગર ફેક્ટરીના ખેડૂતોની બાકી લેણાં મુદ્દે કલેક્ટરને લેખિત રજૂઆત

વ્યારા: વ્યારા સુગર ફેક્ટરી દ્વારા ૫૦૦થી વધુ ખેડૂતોનાં બાકી લેણાં વારંવાર રજૂઆત છતાં ચૂકવવામાં ન આવતાં ખેડૂત સભાસદોએ ગતરોજ ફરી એકવાર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ અગાઉ ૨૯ મે અને ૨૦ જૂનના રોજ પણ લેખિત રજૂઆતો કરવા છતાં મહિનાઓ વીતવા બાદ પણ સુગર ફેક્ટરીના સત્તાધીશો દ્વારા કોઈ ચૂકવણી કરવામાં આવી નથી. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા રોષે ભરાયેલા ખેડૂતોએ ગતરોજ તાપી કલેક્ટર કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો અને વ્યારા સુગર ફેક્ટરીના એમ.ડી. રવિન્દ્ર ચૌહાણ વિરુદ્ધ કાયદાકીય અને ફોજદારી કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે.

# મઢી સુગરની ચૂંટણીમાં ભાજપની સમાધાન ફોર્મ્યુલાનો ફિયાસ્કો

**બારડોલી** બાદ વધુ એક પછડાટ, 14 બેઠક પર 27મીએ સીધો જંગ

બારડોલી: શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી (મઢી સુગર)ની આગામી ચૂંટણીમાં ગુરુવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ભારે નાટ્યાત્મક વળાંક આવ્યો છે. સુરત જિલ્લા ભાજપ સંગઠન દ્વારા છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા સમાધાનના તમામ પ્રયાસો અને ૫૦-૫૦ ટકાની ફોર્મ્યુલા સંપૂર્ણપણે ભાંગી પડી છે. જિતેન્દ્ર પટેલ (બામણી)ની કિસાન પરિવર્તન પેનલ અને સમીર ભક્તની સહકાર પેનલ વચ્ચે હવે સીધો જંગ ખેલાશે એ નિશ્ચિત બની ગયું છે. બારડોલી સુગર ફેક્ટરી બાદ મઢી સુગરમાં પણ ભાજપ સંગઠનને મોટી નિષ્ફળતા સાંપડતા દક્ષિણ ગુજરાતના સહકારી રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

મઢી સુગરની ચૂંટણીમાં બંને પેનલના મુખ્ય આગેવાનો ભાજપ સાથે સંકળાયેલા હોવાથી, સંગઠન દ્વારા એક જ ભાજપ સમર્થિત પેનલ મેદાને રહે તેવા સઘન પ્રયાસો હાથ ધરાયા હતા. ગુરુવારે સુરત જિલ્લા સહકારી સંઘ ખાતે ભાજપના જિલ્લા પ્રમુખ ભરત રાઠોડ અને પ્રભારી ગૌતમ ગેડિયા સહિતના નેતાઓએ બંને પેનલના કર્ણધારો સાથે લાંબી બેઠક યોજી હતી. શરૂઆતમાં રાજકીય દબાણને વશ થઈને બંને આગેવાનો રાજી થયા હતા અને સમાધાનના ભાગરૂપે પોતાની બેઠક પૂરતા સામસામેના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવી લીધા હતા. આ પ્રક્રિયા બાદ મોવડીમંડળ દ્વારા બંને પેનલના અડધા-અડધા (૫૦-૫૦ ટકા) ઉમેદવારો નક્કી કરીને એક સંયુક્ત પેનલ બનાવવાની ફોર્મ્યુલા રજૂ કરવામાં આવી હતી. આ બંધ બારણે થયેલી ગોઠવણ હેઠળ પ્રમુખ તરીકે જીતુ બામણી અને ઉપપ્રમુખ તરીકે વર્તમાન પ્રમુખ સમીર ભક્તની નિમણૂક કરવાનું પણ નક્કી કરી દેવાયું હતું. પરંતુ આ નિર્ણયની જાણ થતાં જ પેનલના અન્ય ઉમેદવારો અને સમર્થકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. પોતાની પેનલના સભ્યોની ઉશ્કેરાટ અને નારાજગી પારખી ગયેલા જીતુ બામણીએ અંતે ભાજપની આ ફોર્મ્યુલાને ફગાવી દીધી હતી અને પોતાની સંપૂર્ણ પેનલ યથાવત રાખી ચૂંટણી લડવાનો મક્કમ નિર્ણય લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુરુવારે ઉમેદવારીપત્ર ખેંચવાના આખરી દિવસે બાજીપુરા બેઠક પરથી બે ઉમેદવારે અને પલસોદ બેઠક પરથી એક ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચી હતી. આથી બાજીપુરા બેઠક પર સહકાર પેનલના સમીર ભક્ત અને પલસોદ બેઠક પર કિસાન પરિવર્તન પેનલના જીતેન્દ્ર પટેલ(બામણી) બિનહરીફ થયા હતા. આ ઉપરાંત બિન ઉત્પાદક મંડળીની બેઠક પર કોઈ હરીફ ઉમેદવાર ન હોવાથી અપક્ષ તરીકે ઉમેદવારી કરનાર સિદ્ધાર્થ ચૌધરી બિનહરીફ જાહેર થયા છે. આમ કુલ 17માંથી કુલ ત્રણ બેઠક બિનહરીફ થતાં હવે 14 બેઠક માટે 27મી સપ્ટેમ્બરના રોજ મતદાન યોજાશે.

### બારડોલી તાલુકાના ખેડૂતોની મક્કમતા

આ સમગ્ર ઘટનાક્રમ સાથે બારડોલી સુગર ફેક્ટરી બાદ હવે મઢી સુગરમાં પણ ભાજપ સંગઠનને રાજકીય પછડાટનો સામનો કરવો પડ્યો છે. સરદાર પટેલની કર્મભૂમિ ગણાતી બારડોલી અને તેની આસપાસના વિસ્તારના ખેડૂતો કોઈ પણ પ્રકારના અયોગ્ય રાજકીય દબાણ સામે ઝૂકતા ન હોવાની બાબત આજે ફરી એકવાર સાર્થક પુરવાર થઈ છે. પક્ષીય રાજકારણને બાજુ પર મૂકીને માત્ર ખેડૂત હિત માટે લેવાયેલા આ નિર્ણય અને અહીંના સહકારી નેતાઓની મક્કમતાને અન્ય સુગર ફેક્ટરીઓ તેમજ સહકારી મંડળીઓના સભાસદો દ્વારા પણ ભારે પ્રશંસા મળી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં બારડોલી કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

**નાણાં** ધીરવા કે લેબર કોન્ટ્રાક્ટ અંગેના કોઈ નક્કર પુરાવા ન મળતાં આરોપીનો બચાવ



કડોદ: ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના ચેક રિટર્નના એક કેસમાં બારડોલીની એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતાં આરોપી મંગતુ રેખા જાદવ (રહે., ટાંડા કોકડી, જલગાંવ, મહારાષ્ટ્ર)ને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

કેસની વિગત મુજબ ફરિયાદી પ્રદીપસિંહ રાજેન્દ્રસિંહ દેસાઈ (રહે.,બારડોલી) ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, બાબેનમાં બગાસના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તેમણે આરોપી મંગતુ જાદવને મિત્રતાના નાતે સમયાંતરે કુલ રૂ.૭૨,૫૦૦ ઉછીના આપ્યા હતા. આ નાણાંની ચૂકવણી પેટે મંગતુએ સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકનો રૂ. ૭૨,૫૦૦નો ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા 'ફંડ્સ ઈન્સફિશિયન્ટ' (ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવા)ના શેરા સાથે પરત ફર્યો હતો. કોર્ટમાં ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષ આરોપી સામે કાયદેસરનું લેણું સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. જજ જે.એલ. પરમારે નોંધ્યું કે ફરિયાદી અને આરોપી વચ્ચે નાણાકીય વ્યવહાર કે કોઈ સીધો સંપર્ક સાબિત થયો નથી. ઉલટતપાસમાં બહાર આવ્યું હતું કે, ફરિયાદી પાસે નાણાં ધીરવા કે લેબર કોન્ટ્રાક્ટ અંગેના કોઈ નક્કર પુરાવા નહોતા અને તેઓ આરોપીને પૈસા ક્યાં કારણોસર આપ્યા તે સ્પષ્ટ કરી શક્યા ન હતા.

તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખી, અદાલતે તારણ કાઢ્યું કે ફરિયાદી કાયદેસરની રકમ લેણી નીકળે છે તે સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. આથી, કોર્ટે આરોપી મંગતુ રેખા જાદવને સી.આર.પી.સી.ની કલમ-૨૫૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આખરી હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફે એડ્વોકેટ અપૂર્વસિંહ પરમાર તથા એડ્વોકેટ સેજલ ત્રિપાઠી દ્વારા અસરકારક રીતે બચાવ રજૂ કરવામાં આવ્યો હતો તથા મૌખિક અને લેખિત દલીલો રજૂ કરવામાં આવી હતી.

## બામણીયામાં કરંટ લાગતાં યુવાનનું મોત

અનાવલ: અનાવલ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા બામણીયા ગામ ખાતે ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ કરતી વખતે કરંટ લાગવાથી એક 30 વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ અંબિકાના બામણીયા ગામે આવેલા ચાર રસ્તા પાસે રહેતો રાજ પરેશભાઇ પટેલ (ઉં.વ.30) પોતાના ઘરમાં લોખંડની સીડી ઉપર ચઢી ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ કરી રહ્યો હતો.

સાંજે કામ કરતી વખતે અચાનક જીવંત વીજ વાયર તેમની બંને હાથની કલાઇ પર અડી ગયો હતો. ઝટકા સાથે વીજ કરંટ લાગતાં જ રાજ પટેલ સીડી પરથી નીચે પટકાતાં ગંભીર રીતે ઘવાયો હતો અને તેમનું સ્થળ પર જ મોત હતું.

આ બનાવ અંગે વિજયભાઇ અમૃતભાઇ પટેલે અનાવલ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોત મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ ઘટનાની વધુ તપાસ અનાવલ પોલીસ સ્ટેશનના અ.હે.કો. કમલેશભાઇ ઝીણાભાઇ કરી રહ્યા છે.

## હથોડા ગામે સન પાવર કંપનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**પોલીસે** મુદ્દામાલ સાથે ચાર આરોપીની અટકાયત કરી


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા ગામની ભાગોળે આવેલી સત્યમ ઈન્ડસ્ટ્રિઝની સન પાવર કંપનીના પાછળના ભાગેથી પ્રવેશ કરી તસ્કરોએ એચપીની ત્રણ મોટર, વિપુલ કંપનીના 18 વાલ્વ અને 62 લેન્સ સહિતના મુદ્દામાલની ચોરી કરી હતી. આ અંગે સુરત નિવાસી જયેશભાઈ રમેશભાઈ વાસાણીએ ચાર દિવસ પહેલાં પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપી શ્રવણભાઈ નનુરામ પ્રજાપત (રહે.,પાલોદ, મૂળ રાજસ્થાન), આરીફ અનવર શેખ (રહે.,કઠોર), તેમજ હથોડાના રહીશ નાસીર અલ્તાફ મુરાદ અને રિઝવાન અલતાફ મુરાદની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોટી નરોલીમાં વાયરની ચોરી થતાં ફરિયાદ

હથોડા: ઓલપાડના કીમ મુળદ ગામે રહેતા અને નોકરી કરતા સૌમેન નબાકુમાર મંડલે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે. મોટી નરોલી ગામની સીમમાં એક્સપ્રેસ-વે નજીક આવેલ કલ્પતરૂ પ્રોજેક્ટ ઈન્ટરનેશનલ લિમિટેડ કંપનીના બંધ હાઈટેન્શન ટાવર તથા ડ્રમમાંથી ચોરોએ હાથફેરો કર્યો હતો. તસ્કરો ૮૯૦ મીટર લંબાઈનો AL59 ઝેબ્રા કંડક્ટર એલ્યુમિનિયમ વાયર, જેની આશરે કિં.૩,૬૬,૬૮૦ થાય છે, તેની ચોરી કરીને ફરાર થઈ ગયા છે. શોધખોળ બાદ પણ વાયર ન મળતાં આખરે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# તાપીના ગ્રામ સેવકોની પડતર પ્રશ્નો મુદ્દે કલેક્ટરને રજૂઆત



**ઉકેલ** ન આવે તો ર ઓક્ટોબરથી આંદોલનની ચીમકી

વ્યારા: તાપી જિલ્લાના ગ્રામ સેવકોએ પોતાના વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગઈકાલે તાપી કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. ગુજરાત રાજ્ય ગ્રામ સેવા મહામંડળના બેનર હેઠળ એકત્રિત થયેલા ગ્રામ સેવકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અગાઉ તંત્રને અપાયેલા અલ્ટિમેટમની મુદત પૂર્ણ થઈ હોવા છતાં તેમના પ્રશ્નોનો હજું સુધી કોઈ હકારાત્મક ઉકેલ આવ્યો નથી. ગ્રામસેવકોનો આક્ષેપ છે કે તેમના પર જોબ ચાર્ટ સિવાયની અન્ય કામગીરી માટે પણ દબાણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત ગ્રામ સેવકોનાં વિવિધ ભથ્થાં પણ લાંબા સમયથી બાકી છે. જો સરકાર દ્વારા આ તમામ ન્યાયિક માંગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી ૨ જી ઓક્ટોબરથી રાજ્યભરમાં ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

DGVCL
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
પીપલોદ {સં. અને નિ} વિભાગીય કચેરી
DGVCL
પહેલો માળ, ઈ-સ્પેસની સામે, ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા, ન્યુ વી.આઈ.પી.રોડ, ભરથાણા-વેસુ, સુરત-૩૯૫૦૦૭
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)
આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન માં ૧૧ કે.વી. પેનલ કમીશન વર્ક અને નવા ટ્રાન્સફોરમર ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

| સબ સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નં | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ૬૬ કે.વી. GHB સબ સ્ટેશન | ૬૬ કે.વી. GHB સબ સ્ટેશન માંથી નીકળતા તમામ ફીડરો | ઈચ્છાપોર | ગુજરાત હીરા બુર્સ માં આવેલ A રોડ થી X રોડ ના તમામ વિસ્તાર | ૧૯૧૨૩ | ૧૩.૦૯.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૮:૦૦ |

નોંધ :-સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઈજનેર(સં.અને નિ), પીપલોદ વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃદર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા
ટુંકી મુદતની જાહેર નોટીશ ક્રમાંક /૨૦૨૬-૨૭
સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ અંતર્ગત તંદ્દન હંગામી ધોરણે સિટી મેનેજર - SWM અને સીટી મેનેજર - UWM ની જગ્યા કરાર આધારિત (તદ્દન હંગામી ધોરણે) ભરવાની હોય નીચે જણાવેલ લાયકાત, વય મર્યાદા તેમજ અનુભવ ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અને અનુભવનાં જરૂરી પ્રમાણપત્રો સીલબંધ કવરમાં તા.૨૫/૦૯/૨૦૨૬ નાં રોજ સાંજે ૪૦૦ કલાક સુધીમાં રજી.પોસ્ટ એ.ડી./કુરીયર દ્વારા મળી જાય તે રીતે પહોંચતા કરવા.

| અ.નં | જગ્યા/હોદ્દો | સંખ્યા | ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | સિટી મેનેજર- SWM (કરાર આધારિત) (તદ્દન હંગામી ધોરણે) | ૧ | રૂા.30000\|- |
| ૨ | સિટી મેનેજર- UWM (કરાર આધારિત) (તદ્દન હંગામી ધોરણે) | ૧ | રૂા.30000/- |

નોંધ :
(૧) નગરપાલિકા કક્ષાનું સ્વચ્છ ભારત મિશન અર્બનનું મહેકમ મિશનનો સમયગાળા સુધીનું રહેશે. ત્યારબાદ આ મહેકમ રદ થઈ જશે.
(૨) કર્મચારીઓની ભરતીનો સમયગાળો મિશનનાં હાલનાં સમયગાળાથી તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી અથવા મિશનનો સમયગાળો લંબાય તો ૧૧ માસનો (કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે) રહેશે.
(૩) દર્શાવેલ જગ્યા તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત (તદ્દન હંગામી ધોરણે) ફીક્ષ પગાર થી ભરવાની છે. જે અંગે નકકી કરેલ ફીક્ષ પગાર ઉપરાંત કોઈ પણ પ્રકારના વધારાનાં ભથ્થા કે કાયમી કર્મચારીને પ્રાપ્ત થતા લાભો મળી શકશે નહી.
(૪) શૈક્ષણિક લાયકાત :
1. સિટી મેનેજર- SWM -- B.E./B.Tech-Environment/B.E./B.Tech- Civil/M.E./M.Tech-Environment/M.E./M.Tech-Civil
2. સિટી મેનેજર- UWM -- B.E./B.Tech-Civil / Enviornment/ Mechanical / Water Resources
(૫) અનુભવ :
ડિગ્રી મેળવ્યા બાદ એક કે તેથી વધુ વર્ષનાં અનુભવીને યોગ્ય પ્રાધાન્ય આપવામાં આવશે.
(૬) વય મર્યાદા :
(અ) ઉમેદવારની વયમર્યાદા તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ ૨૧ વર્ષથી ઓછી નહી તથા ૩૫ વર્ષથી વધુ નહી હોવી જોઈશે.
(બ) રાજય સરકાર હેઠળ કેટેગરી (SC/ST/OBC/EWS/Women)માં આરક્ષણનો લાભ મેળવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર મહતમ છૂટછાટ ૪૫ વર્ષથી વધુ નહિ તે મુજબ રહેશે.
(૭) સિટી મેનેજર - SWM અને સિટી મેનેજર- UWM ની જગ્યા માટે કરાર આધારિત (તદ્દન હંગામી ધોરણે) નિમણૂંકનાં તમામ અધિકાર નગરપાલિકાનાં અબાધિત રહેશે.
(૮) નિમણૂંક પામનાર ઉમેદવારે નગરપાલિકાનાં કવાર્ટરમાં રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મથક છોડી શકાશે નહિ.
તા.૧૦/૦૯/૨૦૨૬
Sd/-(સંદીપ ડી.પટેલ) ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા
sd/-(પ્રજ્ઞેશભાઈ આર.પટેલ) ચેરમેન કારોબારી સમિતી બીલીમોરા નગરપાલિકા
Sd/-(મનિષકુમાર બી. પટેલ) પ્રમુખ બીલીમોરા નગરપાલિકા
માહિતી/નવસારી/૩૦૧ /૨૦૨૬